—: વેચાણ દસ્તાવેજ :—

—————————————————————————————————

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સબડીસ્ટ્રીકટ ગાંધીનગર, તાલુકે.ગાંધીનગરના મોજે.વાવોલની સીમમાં આવેલ રેવન્યુ સર્વે/બ્લોક નં.૨૧૪ ની જમીન કે જે ભરતમાં હે.આરે.ચો.મી. ૦—૨૨—૦૨ના માપથી આવેલી છે અને જેનો આકાર/વિશેષધારો રૂા.૧.૫૫ પૈસાથી આવેલો છે. તે જમીનનો ટાઉન પ્લાનીગ સ્કીમ નં.૧૩(વાવોલ)માં સમાવેશ થતાં ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૧૪૭ મુજબની ૧૪૩૧ ચો.મી.ના માપથી આવેલ બિનખેતીની રહેણાંક હેતુસરની જમીન ઉપર **"શ્રી સુરજ રેસીડેન્સી"** એ નામે આવેલ બાંધકામવાળી મિલકતના ...... માળે આવેલ ફલેટ/યુનિટ નં..........વાળી મિલકત કે જેનું વપરાશી ક્ષેત્રફળ એરીયા .... ચો.મી. યાને કે ....ચો.ફુટના બીલ્ટઅપ એરીયાના બાંધકામવાળી મિલકત આવેલ છે જેમાં કારર્પેટ એરીયા .... ચો.મી.(તથા .... ચો.મી. અનડીવાઈડેડ કોમન એરીયા— (બાલ્કની નં.૧ નું ક્ષેત્રફળ આશરે .... ચો.મી./ચો.ફુટના માપથી આવેલ છે અને વોશ એરીયા .... ચો.મી./ચો.ફુટના માપથી આવેલ છે)બાંધકામવાળી મીલકતમાં જવા આવવાના મુકવામાં આવેલ સીડી, પેસેજ, કોમન લીફટ તથા કોમન એમેનીટીઝ વાપરવાના હકો હીતોનો તથા પાર્કીગના હકોનો સમાવેશ થયેલ છે) (કુલ.૧૪૩૧ ચો.મી. જમીનમાં ૧/૫૬ મા ભાગે આવતા હકો તથા તે ઉપરની બાંધકામવાળી મિલકતમાં વરાડે પડતી કોમન એમેનીટીઝ વાપરવાના હકો હીતો સહીતની ફલેટવાળી મિલકત)નો વેચાણ દસ્તાવેજ કુલ રૂા............/— અંકે રૂપિયા.............. પુરાના અવેજથી.

—————————————————————————————————

વેચાણ આપનાર/લખી આપનાર

——————————————————————————————————————

:– **"સુરજ ઈન્ફ્રાટેકના પ્રોપરાઈટર શ્રી.જીગ્નેશ શંકરભાઈ પટેલ,** ધર્મે તથા જાતે હિન્દુ, ઉં.આ.૪૮વર્ષ, ધંધોઃ–વેપાર, ઠેકાણું :– શ્રી સુરજ રેસીડેન્સી, ભૂમિપાર્ક સોસાયટી પાસે, વાવોલ રેલ્વે ક્રોસીગ પાસે, વાવોલ, ગાંધીનગર,પત્ર વ્યવહાર માટેનું સરનામું.ઃ– ૩,રાધાકુંજ સોસાયટી, કમળા કામધેનું હોલ પાછળ, ડ્રાઈવીન રોડ, મેમનગર, અમદાવાદ–૩૮૦૦૫૨.(પાન નં...............) (આધાર નં.....................)

(જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં અમો લખી આપનાર" અને અગર " અમો વેચાણ આપનાર પ્રોપરાઈટર" એ રીતે સંબોધવામાં આવેલ છે જે શબ્દના અર્થમાં અમો વેચાણ આપનાર જાતે તથા અમારા હાલના તથા વખતોવખતના વંશ, વાલી, વારસો, સકસેસરો, એકઝીકયુટરો, એડમીનીસ્ટ્રેટરો, પાવર ઓફ એટર્ની તથા પેઢીના કાર્યશીલ ભાગીદાર વિગેરે તમામનો સમાવેશ થયેલો ગણવામાં આવશે.)

વેચાણ લેનાર/ લખાવી લેનાર

——————————————————————————————————————:–

શ્રી................................, ધર્મે તથા જાતે હિન્દુ, ઉં.આ.... વર્ષ, ધંધોઃ–નોકરી/વેપાર, રહેવાસી :–.................... .... (આધાર નં.......... પાન નં.....................)

(જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં " તમો વેચાણ રાખનાર" અને અગર "તમો લખાવી લેનાર" એ રીતે સંબોધવામાં આવેલા છે, જે શબ્દના અર્થમાં તમો લખાવી લેનાર જાતે તથા તમારા વંશ, વાલી, વારસો, એસાઈનીઓ, એકઝીકયુટરો, સકસેસરો, પાવર ઓફ એટર્ની હોલ્ડર તથા હિન્દુ અવિભકત કુટુંબના તમામ હયાત વારસો વિગેરે તમામનો સમાવેશ થઈ ગયેલો ગણવામાં આવશે.)

જત,

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સબડીસ્ટ્રીકટ ગાંધીનગર, તાલુકે.ગાંધીનગરના મોજે.વાવોલની સીમમાં આવેલ રેવન્યુ સર્વે/બ્લોક નં.૨૧૪ ની જમીન કે જે ભરતમાં હે.આરે.ચો.મી. ૦—૨૨—૦૨ના માપથી આવેલી છે અને જેનો આકાર/વિશેષધારો રૂા.૧.૫૫ પૈસાથી આવેલો છે. તે જમીનનો ટાઉન પ્લાનીંગ સ્કીમ નં.૧૩(વાવોલ)માં સમાવેશ થતાં ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૧૪૭ મુજબની ૧૪૩૧ ચો.મી.ના માપથી આવેલ બિનખેતીની રહેણાંક હેતુસરની જમીન અમો એકતરફવાળા વેચાણ આપનારના કુલ સ્વતંત્ર માલિકી તથા કબજે ભોગવટેદાર તરીકે આવેલ છે તે રીતેની બીનખેતીની જમીન અમો વેચાણ આપનારના નામે રેવન્યુ દફતરે ચાલતી આવેલી છે અને આ બીનખેતીની જમીન ઉપર અમો વેચાણ આપનારે **"શ્રી સુરજ રેસીડેન્સી"** એ નામની રહેઠાંણ હેતુસરની યોજના/સ્કીમ મુકેલ છે આ યોજનાની કુલ બાંધકામવાળી મિલકત કે જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં " સદરહુ સ્કીમવાળી કુલ મિલકત" એ રીતે સંબોધવામાં આવેલી છે અને જેના માપ, વર્ણન તથા ખુંટચારની વિગત નીચે પેરા..... માં દર્શાવવામાં આવેલી છે.

(૨). સદરહુ સમગ્ર સ્કીમવાળી સદરહુ રે.સર્વે નં.૨૧૪ વાળી જમીન અગાઉ રણજીતસિંહ રતનસિંહ કુલ સ્વતંત્ર માલિક તથા પ્રત્યક્ષ કબજે ભોગવટેદાર તરીકે ધારણ કરતાં આવેલા.

ત્યારબાદ રણજીતસિંહ રતનસિંહનું અવસાન થવાથી તેમના કાયદેસરના સીધીલીટીના વારસદાર તરીકે— પુષ્પેન્દ્રસિંહ રણજીતસિંહના પાલનકર્તા કલોલ મામલતદારનું નામ વારસાઈ હકે સદર જમીનમાં દાખલ કરવામાં આવેલુ. તે અંગેની નોંધ નં.૪૫૧ થી કરવામાં આવેલી અને તે નોંધ મંજુર કરવામાં આવેલી છે.

ત્યારબાદ સદરહુ જમીનમાં સામાન્ય ગણોતિયા તરીકે— ડાહયાભાઈ બકોરભાઈનું દાખલ કરવામાં આવેલુ. તે અંગેની નોંધ નં.૨૨૬૯ થી તા.૩૧/૩/૧૯૫૭ના રોજ કરવામાં આવેલી છે અને તે નોંધ મંજુર કરવામાં આવેલી છે.

ત્યારબાદ કલોલ તાલુકા મામલતદાર સાહેબે ટ્રીબ્યુનલ કેસ નં. ૪૦ થી સદરહુ જમીનમાં કબજેદાર તરીકે— ડાહયાભાઈ બકોરભાઈનું નામ લખેલ

છે તે ગણોતિયા ગણવા હુકમ થવાથી કબજેદારમાંથી ડાહયાભાઈ બકોરભાઈનું નામ કમી કરવા હુકમ કરેલ છે તે હુકમની નોંધ નં.૨૨૮૨ થી કરવામાં આવેલી જે નોંધ મંજુર કરવામાં આવેલી છે.

ત્યારબાદ મે.કલોલ તાલુકા મામલતદાર સાહેબના હુકમથી પુષ્પેન્દ્રસિંહજી રણજીતસિંહજીના પાલનકર્તા તરીકે કલોલ મામલતદાર સાહેબનું નામ પાલનકર્તામાંથી કમી કરી મે.મહેસાણા જીલ્લા કલેકટર સાહેબનું નામ પાલનકર્તા તરીકે દાખલ કરવામાં આવેલું. તે હુકમની નોંધ નં.૨૬૦૯ થી તા.૧૦/૪/૧૯૫૯ના રોજ કરવામાં આવેલી જે નોંધ મંજુર કરવામાં આવેલી છે.

ત્યારબાદ મામલતદાર મુંબઈ સરકારના હુકમ નં.W.R.D. ૭૦૧૪/૮૪૦ના આધારે સદરહુ જમીનના સામાન્ય ગણોતિયા– પટેલ ડાહયાભાઈ બકોરદાસને સદરહુ જમીન વેચાણ આપતા કબજેદારમાંથી પુષ્પેન્દ્રસિંહજી રણજીતસિંહજીનું નામ કમી કરી પટેલ ડાહયાભાઈ બકોરદાસનું નામ કબજેદાર તરીકે દાખલ કરવામાં આવેલું. તે હુકમ અંગેની નોંધ નં.૨૬૫૦ થી કરવામાં આવેલી અને જે નોંધ મંજુર કરવામાં આવેલી છે.

ત્યારબાદ સદરહુ જમીન તથા અન્ય જમીનોમાં ભાઈઓ ભાગની વહેંચણી થતાં સદરહુ રે.સર્વે નં.૨૧૪ ની ૨ એકર ૨૮ ગુઠા જમીન ડાહયાભાઈ બકોરભાઈ પટેલ તથા ૦ એકર ૨૦ ગુઠા જમીન કેશવલાલ બકોરભાઈ પટેલના ભાગે આવેલી તે મુજબની ભાઈઓ ભાગની વહેંચણી અંગેની નોંધ નં.૫૪૧૮ થી તા. ૧૯/૪/૧૯૯૩ના રોજ કરવામાં આવેલી જે નોંધ તા.૭/૯/૧૯૯૩ના રોજ મંજુર કરવામાં આવેલી છે.

ત્યારબાદ કેશાભાઈ બકોરભાઈ પટેલનું તા.૨/૧૨/૨૦૦૮ના રોજ અવસાન થયેલ છે તથા તેમની પત્નિ– કુસુમબેન તે કેશાભાઈ બકોરભાઈની પત્નિનું પણ અવસાન થયેલ હોઈ તેઓના કાયદેસરના સીધીલીટીના વારસદારો –(૧).શારદાબેન કેશાભાઈ, (૨).હસમુતીબેન કેશાભાઈ, (૩).વિપુલકુમાર કેશાભાઈ, (૪).કાંતાબેન કેશાભાઈ તથા (૫).અશોકભાઈ કેશાભાઈના નામો વારસાઈ હકે સદરહુ જમીનમાં દાખલ કરવામાં આવેલા. તે અંગેની રીતસરની નોંધ ગામદફતરે નોંધ નં.૭૨૫૦ થી તા.૬/૮/૨૦૧૦ના રોજ કરવામાં આવેલી. જે નોંધ તા.૨/૧૦/૨૦૧૦ના રોજ મંજુર કરવામાં આવેલી છે.

ત્યારબાદ (૧).શારદાબેન કેશાભાઈ, (૨).હસમુતીબેન કેશાભાઈ તથા (૩).કાંતાબેન કેશાભાઈનાએ તેમના સદરહુ જમીનમાં પોષાતા વડીલોપાર્જીત હક, હિસ્સા તેમના ભાઈઓ (૧).વિપુલકુમાર

કેશાભાઈ તથા (૨).અશોકભાઈ કેશાભાઈની તરફેણમાં તેમની રાજીખુશીથી જતાં કરતાં તેમના નામો સદરહુ જમીનમાંથી કબજેદારમાંથી દુર કરવામાં આવેલા. તે અંગેની નોંધ નં.૭૩૮૬ થી તા.૨૫/૧૨/૨૦૧૦ના રોજ કરવામાં આવેલી છે. જે નોંધ તા.૧૮/૬/૨૦૧૧ ના રોજ મંજુર કરવામાં આવેલી છે.

ત્યારબાદ ડાહયાભાઈ બકોરભાઈ પટેલનું તા.૩૧/૫/૨૦૦૪ના રોજ અવસાન થયેલ છે તથા સોનાબેન ડાહયાભાઈનું તા.૧/૬/૨૦૧૨ના રોજ અવસાન થયેલ છે તથા કૈલાસબેન ડાહયાભાઈનું તા.૧૮/૬/૧૯૯૫ના રોજ અવસાન થયેલ હોઈ તેઓના કાયદેસરના સીધીલીટીના વારસદારો તરીકે– (૧).પશાભાઈ ડાહયાભાઈ, (૨).મઘીબેન ડાહયાભાઈ, (૩).શાકરબેન ઉર્ફે ઉર્મિલાબેન ડાહયાભાઈ, (૪).મંજુલાબેન ડાહયાભાઈ, (૫).સુધાબેન ડાહયાભાઈ, (૬).કૃણાલ પરેશભાઈ તથા (૭).મોનીકાબેન પરેશભાઈના નામો વારસાઈ સદરહુ જમીનમાં કબજેદાર તરીકે દાખલ કરવામાં આવેલા. તે અંગેની નોંધ નં.૭૮૦૪ થી તા.૪/૧૦/૨૦૧૨ના રોજ કરવામાં આવેલી છે અને જે નોંધ તા.૨૬/૧૨/૨૦૧૨ના રોજ મંજુર કરવામાં આવેલી છે.

ત્યારબાદ (૧).વિપુલકુમાર કેશાભાઈ, (૨).અશોકભાઈ કેશાભાઈ, (૩).મઘીબેન ડાહયાભાઈ, (૪).શાકરબેન ઉર્ફે ઉર્મિલાબેન ડાહયાભાઈ, (૫).મંજુલાબેન ડાહયાભાઈ, (૬).સુધાબેન ડાહયાભાઈ, (૭).કૃણાલ પરેશભાઈ તથા (૮).મોનીકાબેન પરેશભાઈનાઓએ સદરહુ જમીનમાં તેમના વારસાઈ હકે પોષાતા આવેલા હક, હિસ્સા તેમની રાજીખુશીથી પશાભાઈ ડાહયાભાઈની તરફેણમાં ફારગતી લેખથી તા.૧૦/૧/૨૦૧૪ના રોજ જતાં કરેલા છે જે ફારગતીનો લેખ ગાંધીનગરના મે.સબરજીસ્ટ્રાર શ્રી.ની કચેરીમાં બુક નં.૧ માં અનુક્રમ નં.૪૨૩ થી તા.૧૦/૧/૨૦૧૪ના રોજ નોંધાયેલ છે જે અંગેની નોંધ નં.૮૦૮૩ થી તા.૨૪/૧/૨૦૧૪ના રોજ કરવામાં આવેલી છે જે નોંધ તા.૫/૫/૨૦૧૪ના રોજ મંજુર કરવામાં આવેલી છે.

ત્યારબાદ મે.જીલ્લા કલેકટર સાહેબ શ્રી.ગાંધીનગરના હુકમ નં.સીબી/જમીન/બી.ખે/એસ.આર.૧૮૯/૧૪/વશી.૧૬૦૨૮ થી ૧૬૦૪૧/ ૨૦૧૪ થી તા.૨૮/૭/૨૦૧૪ના રોજ સદરહુ જમીનનો બીનખેતી ઉપયોગ માટેની પરવાનગી આપવામાં આવેલી. તે અંગેની નોંધ નં.૮૨૦૪ થી તા.૭/૮/૨૦૧૪ના રોજ કરવામાં આવેલી છે અને જે નોંધ તા.૧૦/૧૧/૨૦૧૪ના રોજ મંજુર કરવામાં આવેલી છે.

ત્યારબાદ પશાભાઈ ડાહયાભાઈ પટેલ પાસેથી સદરહુ રે.સર્વે નં.૨૧૪ ની ૨૨૦૨ ચો.મી. જમીન ઉપર મુકવામાં આવેલ ટી.પી.સ્કીમ નં.૧૩(વાવોલ)ના ફાઈનલ પ્લોટ નં.૧૪૭ મુજબની ૧૪૩૧ ચો.મી.ના માપથી આવેલી બીનખેતીની જમીન અમો લખી આપનારે કાયદેસરના રજી.વેચાણ દસ્તાવેજથી તા.૧૬/૮/૨૦૧૪ના રોજ વેચાણ રાખેલી. જે વેચાણ દસ્તાવેજ ગાંધીનગરના મે.સબરજીસ્ટ્રાર શ્રી.ની કચેરીમાં બુક નં.૧ માં અનુક્રમ નં.૧૧૪૨૧ થી તા.૧૬/૮/૨૦૧૪ ના રોજ નોંધવામાં આવેલ છે તે વેચાણ દસ્તાવેજની નોંધ નં.૮૨૨૦ થી તા.૨૨/૮/૨૦૧૪ના રોજ કરવામાં આવેલી છે જે નોંધ તા.૧૮/૧૧/૨૦૧૪ના રોજ મંજુર કરવામાં આવેલી છે.

ત્યારબાદ ખાસ જમીન સંપાદન અધિકારી ગાંધીનગરના પત્ર નં.એલ.એ.કયુ/વશી.૧૭૨૭ થી ૨૯/૨૦૧૫ તથા ત્રીજા ખાસ જમીન સંપાદન અધિકારી, અમદાવાદના તા.૧૨/૩/૧૯૮૦ ના હુકમ નં.એલએકયુ/કેસ નં.૧૦૦/૭૩ના હુકમ મુજબ સાબરમતી થી ગાંધીનગર બ્રોડગેજ રેલ્વે માટે સદરહુ રે.સર્વે નં.૨૧૪ માંથી ૯૬૭ ચો.મી. જમીન સંપાદન અંગેની નોંધ નં.૮૪૫૯ થી કરવામાં આવેલી. જે નોંધ તા.૧૬/૧૦/૨૦૧૫ના રોજ મંજુર કરવામાં આવેલી છે.

ત્યારબાદ મે.મામલતદાર શ્રી.ગાંધીનગરના હુકમ નં.ઈ—ધરા /સુધારા હુકમ/એસ.આર નં.૪૯૨/વશી.૮૨૧૨/૨૦૧૫, તા.૨૨/૧૨/૨૦૧૫ ના હુકમથી નોંધ નં.૮૪૫૯ થી બ્રોડગેજ રેલ્વે સાબરમતી થી ગાંધીનગરના હેતુ માટે સંપાદન કરેલ જમની અંગેની નોંધ નં.૮૪૫૯ ની અસર બીજા હકકમાં કરેલ છે તે રદ કરી પ્રથમ હકક/કબજેદારના કોલમમાં દાખલ કરવા સુધારા હુકમ કરવામાં આવેલ છે અને તે અંગેની નોંધ નં.૮૫૨૯ થી તા.૨૯/૧૨/૨૦૧૫ના રોજ કરવામાં આવેલી જે નોંધ તા.૨૫/૨/૨૦૧૬ના રોજ મંજુર કરવામાં આવેલી છે.

ત્યારબાદ મે.મામલતદાર શ્રી.ગાંધીનગરના હુકમ નં.મામ/જમીન/વશી/૧૫૨૦/૨૦૧૮, તા.૨૭/૯/૨૦૧૮ના હુકમથી મોજે.વાવોલ, તા.,જી.ગાંધીનગરના સદરહુ રે.સર્વે /બ્લોક નં.૨૧૪ વાળી જમીનમાં કબજેદાર તરીકે ચાલતુ " બ્રોડગેજ રેલ્વે સાબરમતીથી ગાંધીનગરના હેતુમાટે સંપાદન ૯૬૭ ચો.મી." કમી કરવા આથી જરૂરી હુકમ કરવામાં આવે છે અને તે અંગેની નોંધ નં.૯૧૫૭ થી તા.૮/૧૦/૨૦૧૮ના રોજ કરવામાં આવેલ છે અને તે નોંધ તા.૩૦/૧૧/૨૦૧૮ના રોજ મંજુર કરવામાં આવેલ છે

આમ, એ રીતે સદરહુ રે.સર્વે/બ્લોક નં.૨૧૪ કે જેનો ટી.પી.સ્કીમ નં.૧૩(વાવોલ)માં સમાવેશ થતાં ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૧૪૭ની ક્ષેત્રફળ આશરે ૧૪૩૧ ચો.મી.ના માપથી આવેલી બિનખેતીની રહેણાંક જમીન અમો વેચાણ આપનારના કુલ સ્વતંત્ર માલિકી હકે તથા પ્રત્યક્ષ કબજે ભોગવટે આવેલી છે અને તે રીતે અમો વેચાણ આપનાર સ્વતંત્ર માલિક તથા પ્રત્યક્ષ કબજે ભોગવટેદાર તરીકે ધારણ કરીએ છીએ અતે તે રીતે અમો લખી આપનારના નામે સદરહુ મિલકત રેવન્યુ દફતરે તથા અન્ય સરકારી દફતરે ચાલતી આવેલી છે.

સદરહુ જમીન ઉપર રહેઠાંણ હેતુસરના પ્લાન જુનિયર નગર નિયોજક ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ, ગાંધીનગર સમક્ષ રજુ કરતાં તેમના હુકમ નં. PRM/VAVOL/133/04/20145424/2019 , રજાચિઠી નં. PRM/VAVOL/133/04/20145424/2019, થી તા.૩૦/૦૫/૨૦૧૯ ના રોજ સદરહુ જમીનનો વિકાસ કરવા માટેની પરવાનગી આપેલ છે.

અમો વેચાણ આપનાર –સદરહુ પેઢીએ સદર પ્રોજેકટ ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓર્થોરીટી –રેરા–૨૦૧૬ નીચે અમદાવાદ મુકામે રજીસ્ટડ કરાવેલ છે અને જેનો રજીસ્ટડ નં............................થી તા....................................થી આવેલ છે.

તે રીતે અમો વેચાણ આપનારના નામે રેવન્યુ સર્વે/બ્લોક નં.૨૧૪ કે જેનો સમાવેશ ટી.પી.સ્કીમ નં.૧૩(વાવોલ)માં થતાં તેનો એફ.પી. નં.૧૪૭ ની ૧૪૩૧ ચો.મી.થી ફાળવેલ છે તે બીનખેતીની જમીન અમો વેચાણ આપનાર કુલ સ્વતંત્ર માલિક તથા કબજે ભોગવેદાર તરીકે ધારણ કરતાં આવેલા છીએ અને અમો વેચાણ આપનાર સ્વતંત્ર માલિક કબજેદાર હોવાની રૂઈએ આ જમીન/મિલકત વેચાણ કરવાનો અમોને હકક પ્રાપ્ત થયેલ છે અને અમો લખી આપનાર સિવાય સદરહુ જમીન/મિલકતમાં કોઈનો કોઈપણ જાતનો લાગ ભાગ, હકક, હિસ્સો કે ખોરાકી પોષાકીનો કે અન્ય કોઈપણ જાતનો હકક રાઈટસ નથી અને સદર જમીનના અમો વેચાણ આપનાર એકલા સ્વતંત્ર માલિક અને કબજેદાર છીએ, તેમજ સદરહુ જમીનના સ્વતંત્ર માલિકી હકક અમો વેચાણ આપનારના જ હોવાથી સદરહુ મિલકત તમો વેચાણ લેનારને વેચાણ આપવા કાયદેસર રીતે હકકદાર હોઈ તે રૂઈએ અમોએ આ વેચાણ દસ્તાવેજ તમો વેચાણ લેનારને કરી આપેલ છે.

આમ, એ રીતે સદરહુ એફ.પી. નં.૧૪૭ વાળી બીનખેતીની જમીન ઉપર અમો વેચાણ આપનારે મુકેલ રહેઠાંણ હેતુસરની યોજના **"શ્રી સુરજ રેસીડેન્સી"** ના નામે આવેલ બાંધકામવાળી મિલકતના .... માળે આવેલ ફ્લેટ/યુનિટ નં...... વાળી મિલકત કે જેનું વપરાશી ક્ષેત્રફળ એરીયા .... ચો.મી. યાને કે .... ચો.ફુટના બીલ્ટઅપ એરીયાના બાંધકામવાળી મિલકત આવેલ છે જેમાં કારર્પેટ એરીયા .... ચો.મી. (તથા ..... ચો.મી. અનડીવાઈડેડ કોમન એરીયા (બાલ્કની નં.૧ નું ક્ષેત્રફળ આશરે .... ચો.મી./ચો.ફુટના માપથી આવેલ છે અને વોશ એરીયા ......ચો.મી./ચો.ફુટના માપથી આવેલ છે) જેનો સદરહુ બાંધકામવાળી મિલકતમાં જવા આવવાના મુકવામાં આવેલ રસ્તા તથા કોમન એમેનીટીઝ વાપરવાના હકો હીતોનો સમાવેશ થઈ ગયેલ છે તથા ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ કાર પાર્કીગના કોમન હકો સહિતની તથા રસ્તાની જમીન તથા પેસેજ, સીડી, લીફ્ટ તથા અન્ય જે કાંઈ સભ્યો માટેની કોમન સુવિધાઓ તેમજ ગ્રાઉન્ડ પરની ખુલ્લી જમીન તથા બીલ્ડીગ ઉપરના ટોપ ઉપરના ટેરેસમાંના કોમન વપરાશી હકો જે હોય તે સહીયારા વાપર ઉપભોગના હકો હિતો સહિતની તથા તેમાં જવા આવવાના રસ્તાના વરાડે પડતાં હકો હિતો સહિતની મિલકત અમો વેચાણ આપનાર તમો વેચાણ લેનારની તરફેણમાં આ વેચાણ દસ્તાવેજ કરી આપી વેચાણ આપવા હકકદાર હતા અને છીએ. તે રીતેની મીલકત વેચાણ આપવા અંગેનો આ વેચાણ દસ્તાવેજ અમો વેચાણ આપનારે તમો વેચાણ લેનારની તરફેણમાં કરી આપી અને સદરહુ ફ્લેટ નં.... વાળી મિલકતના માલિકી હકો તથા ટાઈટલ ટ્રાન્સફર કરીએ છીએ અને સદરહુ ફ્લેટવાળી મીલકતનો ખાલી, શાંત અને પ્રત્યક્ષ કબજો આજરોજ તમો લખાવી લેનારને વેચાણ આપી તમો વેચાણ લેનારને સોંપીએ છીએ.

૪). સદરહુ **"શ્રી સુરજ રેસીડેન્સી"** એ નામે આવેલ યોજના/સ્કીમની બાંધકામવાળી મિલકતના .... માળે આવેલ ફ્લેટ/યુનિટ નં..... વાળી મિલકત કે જેનું વપરાશી ક્ષેત્રફળ એરીયા ...... ચો.મી. યાને કે .... ચો.ફુટના બીલ્ટઅપ એરીયાના બાંધકામવાળી મિલકત આવેલ છે જેમાં કારર્પેટ એરીયા .... ચો.મી. (તથા ..... ચો.મી. અનડીવાઈડેડ કોમન એરીયા (બાલ્કની નં.૧ નું ક્ષેત્રફળ આશરે ...... ચો.મી./ચો.ફુટના માપથી આવેલ છે અને વોશ એરીયા ...... ચો.મી./ચો.ફુટના માપથી આવેલ છે) તે કોમન એમેનીટીસના વાપર ઉપભોગના હકો હીતો સહિતની તથા તેમાં જવા

આવવાના રસ્તાના વરાડે પડતાં હકો, હિતો સહિતની મિલકતની આ વેચાણ દસ્તાવેજથી ટ્રાન્સફર કરીએ છીએ અને અમો વેચાણ આપનારે તમો લખાવી લેનારને કુલ અભરામ ન દાવે રૂા.........../– અંકે રૂપિયા ....પુરા ની વેચાણ કિંમતથી વેચાણ આપેલ છે અને તે અંગેનો રજી.બાનાખત અનુ.નં............. થી તા.............. ના રોજ ગાંધીનગરના મે.સબરજીસ્ટ્રાર શ્રી.ની કચેરીમાં બુક નં.૧ માં તા.........ના રોજ નોંધવામાં આવેલ છે અને તે રીતેની સદરહુ મીલકત અમો તમોને વેચાણ કરવા અંગેનો આ વેચાણ દસ્તાવેજ અમો લખી આપનાર તમો લખાવી લેનારને કરી આપીએ છીએ જેના ચુકતે વેચાણ અવેજની રકમ તમો લખાવી લેનાર પાસેથી અમો લખી આપનારને નીચેની વિગતે ચુકતે હીસાબે મળેલ છે.

—: વેચાણ અવેજની વિગત :—

રકમ રૂા.	ચેક નં.	તારીખ	બેંકનું નામ તથા શાખા

———————————————————————————————————

કુલ રૂા............./–અંકે રૂપિયા................... પુરા અમો વેચાણ આપનારને તમો વેચાણ લેનાર પાસેથી આ વેચાણ દસ્તાવેજના ચુકતે અવેજ પેટે મળ્યા તેના. અને ઉપરોકત વેચાણ આપેલ અવેજની રકમનાં તમામ ચેકની રકમ સ્વીકરાયે આ દસ્તાવેજનો અમલ ગણવામાં આવશે.

ઉપર મુજબની વિગતે સદર ફલેટવાળી મિલકતના વેચાણ કિંમતના અવેજના અમો વેચાણ આપનારને તમો વેચાણ લેનાર પાસેથી ચુકતે અવેજ પેટે મળી ગયેલ છે અને ચુકતે અવેજ મળ્યો તે આથી અમો વેચાણ આપનાર કબુલ કરીએ છીએ અને ઉપર જણાવ્યા મુજબ ચુકતે હીસાબે અવેજની રકમ મળેલ છે તેની આથી પહોંચ કરી આપીએ છીએ અને ચુકતે અવેજ મળ્યાથી અમો તમોને વેચાણ અવેજની તમામ પ્રકારની જવાબદારીમાંથી મુકત કરીએ છીએ.

(૫). સદર કુલ મિલકતને લગતી તથા કોમન વપરાશી હકો અંગેની તમામ માહિતી તેમજ સંપૂર્ણ સમજ તમો વેચાણ લેનારે મેળવેલ છે અને તમોએ જાત તપાસ કરેલ છે. અમો વેચાણ આપનારે પાસ કરાવેલ પ્લાન તથા મેળવેલ તમામ વિકાસ પરવાનગી મુજબ સદરહુ યુનિટ/ફ્લેટનું બાંધકામ કરેલ છે અને તે રીતે સદરહુ કુલ મીલકત પરત્વેના વેચાણ આપનારના ટાઈટલ સંપૂર્ણપણે ચોખ્ખા અને માર્કેટેબલ છે તે અંગેની સંપૂર્ણ ખાત્રી વેચાણ લેનારે તેમનાં કાયદાકીય નિષ્ણાંત જોડે ચેક કરી કરાવી લીધેલ છે અને આ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલી ફ્લેટવાળી મિલકતના ટાઈટલ સંપૂર્ણપણે ચોખ્ખે ચોખ્ખા, માર્કેટેબલ અને બોજારહિત સોપેલ છે અને તેનો કબજો તમો વેચાણ લેનારે પ્રત્યક્ષ સંભાળેલ છે.

(૬). સદરહુ મિલકત/સ્કીમમાં વપરાયેલ તથા વાપરવામાં આવેલ મટીરીયલ, સાધન—સામગ્રી વિગેરેની માહિતી અમો લખી આપનારે તમો લખાવી લેનારને આપેલ હતી. જે લખાવી લેનારે તેમના આર્કીટેકટ — એન્જિનીયર પાસે તેમજ કાયદાકીય નિષ્ણાંત પાસે ચેક કરાવી લીધેલ છે. અને તે બાબતે લખાવી લેનારને સંપૂર્ણ સંતોષ છે.

(૭). સદરહુ કુલ મિલકત **" શ્રી સુરજ રેસીડેન્સી"** એ નામે આવેલ યોજના/સ્કીમના તમામ યુનિટ/ફ્લેટ હોલ્ડરો ભેગા મળી સદરહુ કુલ મિલકત અને તેમાં આવેલ કોમન સગવડો જેવી કે રોડ રસ્તા, કોમન લાઈટ, પાણીની સગવડ વિગેરે તમામની જાળવણી તથા રાખરખાવ માટે આગળ જતાં ભવિષ્યમાં સર્વિસ સોસાયટીની રચના કરવાની છે તો તેમાં વેચાણ લેનારે ફરજિયાત સભ્ય થવાનું છે અને સર્વિસ સોસાયટીમાં જે નકકી થાય તે મુજબ વરાડે પડતાં મેન્ટેનન્સ ડીપોઝીટની રકમ ચુકવવાની છે તેમજ વેચાણ લેનારે કોમન રોડ રસ્તા, કોમન પ્લોટ માટે વેચાણ રાખેલ મિલકતના એલીવેશન, કોમન દિવાલોને નુકશાન થાય, બગાડ થાય તેવું કોઈ કૃત્ય કરવા કરાવવાનું નથી કે કોઈપણ અન્ય મીલકત ધારણ કરનારને અગવડ પડે તેવું કોઈપણ ગેરકાયદેસરનું કૃત્ય કરવાનું નથી તેમજ તે ઉપરની સગવડો જે ભવિષ્યમાં ઉભી કરવામાં આવે તેનો વહીવટ બનાવાયેલ સર્વિસ સોસાયટી મારફતે અલગથી કરશે અને તેનુ મેન્ટેનન્સ જે નકકી થાય તે તમોએ સોસાયટીના સભ્ય થઈ અને ફરજીયાત ચુકવવાનું રહેશે.

(૮). સદરહુ કુલ મિલકતમાં કોમન પ્લોટ તથા રોડ રસ્તાની જમીનમાંથી વેચાણ લેનારને પાણી, ગટર, લાઈટ, અલગ સગવડ કરી નાંખી આપવામાં આવેલ છે, ફકત ટેલિફોન,ટેલીવીઝન, ઈન્ટરનેટના એન્ટેના/તાર દોરડા લાવવા લઈ જવાના હકક રહેશે તેમજ કોમન પ્લોટમાં અને કુલ મિલકતમાં આવેલ કોમન સગવડોમાં તમામ યુનિટ હોલ્ડરોને સહીયારા વપરાશના હકો રહેશે, તેમાં વેચાણ લેનારા– યુનિટ હોલ્ડર કે અન્ય કોઈપણ યુનિટ હોલ્ડરને કે સર્વિસ સોસાયટીને માલિકી તથા કબજો ભોગવટા પ્રાપ્ત થતાં નથી અને થશે નહીં કે સદર વેચાણ લેનાર અગર અન્ય ફલેટ ધારક તેમાં કોઈપણ પ્રકારનું દબાણ કરી શકશે નહીં તેમજ આગવા સ્વતંત્ર હકો ઉભા કરી શકશે નહી અને તેમ છતાં તેવું કાઈ કરવામાં આવશે તો જે તે સમયે વહીવટ કરનાર સર્વિસ સોસાયટીને ફલેટ હોલ્ડરને નોટીસ આપ્યા સિવાય તેવું કરેલ ગેરકાયદેસર દબાણ દુર કરવાના હકક રહેશે. તેજ રીતે સદરહુ વેચાણ આપેલ મિલકતના પ્રવેશદ્ધાર, પેસેજ, સીડી પાસેની જગ્યામાં બીજાને અગવડ, અડચણ ઉભું થાય તેવુ કોઈ કૃત્ય કરવા કરાવવાનુ નથી અને તેમ છતાં તમો વેચાણ લેનાર તરફથી તેવુ કાંઈ કરશો કરાવશો તો તેવું તમામ ગેરકાયદેસરનુ દબાણ અન્ય ફલેટ હોલ્ડરો ભેગા મળી અને અગર સર્વિસ સોસાયટી, તાત્કાલિક દુર કરી કરાવી શકશે અને સદરહુ વેચાણ આપેલ મિલકતમાં અમો વેચાણ આપનારે કરી આપેલ બાંધકામ સિવાય અન્ય કોઈ વધારાનું કોમન દિવાલો, એલીવેશનને નુકશાન થાય તેવું ગેરકાયદેસરનું બાંધકામ કરવા કરાવવાનું નથી.

(૯). સદરહુ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલી મિલકતનો ઉપયોગ વેચાણ લેનારે ફકત રહેઠાંણના હેતુસર જ કરવાનો છે, વેચાણ લેનારે સદરહુ મિલકત બીનરહેણાંક કે કોમર્શીયલ ઉપયોગ ગેરકાયદેસર કરવાનો નથી.

(૧૦). વેચાણ લેનારે સદરહુ ફલેટ નં..... વાળી મિલકતના આ વેચાણ દસ્તાવેજથી સદરહુ કુલ મિલકતમાં આવેલ વરાડે પડતાં કોમન સગવડો સાથે અને કોમન રસ્તાના વપરાશના અવર જવરના હકો સાથે સદરહુ મિલકત વેચાણ રાખેલ છે, વેચાણ લેનાર સદરહુ **"શ્રી સુરજ રેસીડેન્સી"** ની કુલ મિલકતના સ્વતંત્ર માલિક બનેલા નથી કે કુલ સ્વતંત્ર માલિકી હકો પ્રાપ્ત થયેલા નથી. પરંતુ સંયુકત માલિકી હકો પ્રાપ્ત થયેલા છે. તે તમામ હકીકતથી માહેતગાર થયા બાદ વેચાણ લેનારે આ વેચાણ દસ્તાવેજ કરાવેલ છે.

તેમજ વપરાશ અંગેની પરવાનગી મળ્યા બાદ વેચાણ આપનારનો કોઈપણ જાતની વધારાની F.S.I અને ટેરેસ રાઈટસ અંગેનો હકક તથા દાવો રહેશે નહિ બધા હકકો સોસાયટી/મેમ્બરોના રહેશે. અને સદર યોજનાના બ્લોક(બિલ્ડીંગ) નાં ધાબુ સદર યોજનાના કોઈપણ સભ્યને એલોટ કરવામાં આવેલ નથી આવા ધાબા જે તે બિલ્ડીંગના તમામ સહમાલિકોએ સાથે મળીને સહિયારી રીતે વાપરવાના/ઉપયોગ કરવાના રહેશે. એટલે કે આવા ધાબામાં કોઈપણ સભ્યનો આગવો લાગ–ભાગ હકક હીસ્સો રહેલ નથી. તેમજ આવા ધાબા હરહંમેશ માટે ખુલ્લાજ વાપરવાનાં છે. તેમાં કોઈપણ પ્રકારનું બાંધકામ કે દબાણ વગેરે કરવાનાં નથી. જેમાં સદર યોજનાના કોઈપણ મિલકત ધારક/સભ્યએ કોઈપણ વાંધો–તકરાર કરવાની રહેતી નથી કે તેમ કરવા તેઓ હકકદાર નથી.

(૧૧). સદરહુ મિલકતના સ્થાનિક સંસ્થા, સરકારી–અર્ધ સરકારી કચેરીના વેરા, ટેક્ષ વિગેરે વરાડે પડતાં આવે તે તમામ ખર્ચ વેચાણ દસ્તાવેજ તારીખ સુધીના વેચાણ આપનારે ભરપાઈ કરવાના છે અને સદરહુ વેચાણ રાખેલ મિલકતના વરાડે પડતાં આવતાં તમામ વેરા, ટેક્ષ, લાગા જે આવે તે તથા કોમન વરાડે પડતાં આવે તે દસ્તાવેજ તારીખ પછીના તમામ વેરા તમો વેચાણ લેનારે ભરપાઈ કરવાના રહેશે.

(૧૨). એ રીતે તમો લખાવી લેનાર આ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ ફ્લેટ નં....... ના કુલ સ્વતંત્ર માલિક તથ કબજે ભોગવટેદાર થયા છો. હવે પછી સદરહુ ફલેટવાળી મિલકત ઉપર અમો વેચાણ આપનાર, હીત ધરાવનારાઓ, લેણદારો, હકદારો, કરજદારો, હીસ્સેદારો તથા અમો વેચાણ આપનારના વંશ, વાલી, વારસો વિગેરે કોઈનો કોઈપણ જાતનો હકક, હિસ્સો, હીત સંબંધ, વાંધા, તકરાર કે કોઈપણ પ્રકારનો હરકત હેલો રહેતો નથી અને જો તેમ છતાં જો અમો લખી આપનારના વંશ, વાલી, વારસો કે સકસેસરો, લેણદારો, હકકદારો, કરજદારો કે અન્ય કોઈ વ્યકિત કોઈપણ જાતનો હકક, દાવો, અલાખો, વાંધો તકરાર કે હરકત હેલો કોઈ જાતનો કરીએ યા કરતો આવે યા કરાવતો આવે તો તેનો જવાબ તમોને થતાં ખર્ચ અને નુકશાન સહીત અમો વેચાણ આપનાર તમો વેચાણ લેનાર તથા તમારા વંશ, વાલી, વારસોને આપવા માટે બંધાયેલા છીએ.

(૧૩). સદરહુ ફ્લેટવાળી મિલકત તમો લખાવી લેનાર સરકારી રેકર્ડમાં તમે તમારા નામે માલિકી હકકદાર તરીકે ચઢાવી લો તેમાં અમારી જોઈતી સહી, સાક્ષી, અરજી, જવાબ, કબુલાતો વિગેરે જે આપવાના થાય તે તમામ અમો વેચાણ આપનારે કરી આપવાના છે તેમજ અમારે તમામ પ્રકારની રેકર્ડ ઉપરની પ્રક્રિયા માટે સાથ અને સહકાર આપવાનો છે.

(૧૪). સદરહુ મિલકતને લગતાં દસ્તાવેજો તથા પુરાવાઓ જે કાંઈ અમારી પાસે હતાં તે તમામ અમો લખી આપનારે તમો લખાવી લેનારને ફાઈલ બનાવી આજરોજ સોંપેલ છે.

(૧૫). સદરહુ આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ ફ્લેટવાળી મીલકત રહેઠાંણ હેતુસરની છે અને તે ઉપર અમો વેચાણ આપનારે મંજુર થયેલ પ્લાન તથા વિકાસ પરવાનગી મુજબ બાંધકામ કરેલ છે, તે રીતેની સદરહુ વેચાણ આપેલ ફ્લેટવાળી મીલકત અમોએ કે અમો મારફતે કે ધ્વારા કોઈને કોઈ રીતે લખી આપેલ નથી તેમજ અન્ય કોઈ રીતે લખી આપેલ નથી તેમજ કોઈનો કોઈપણ જાતનો બોજો રહેલો નથી તેમજ તેના ઉપર કોઈનો લાગ, ભાગ, હકક, હીસ્સો કે હીત સંબંધ નથી, તેમજ તેના ઉપર કોઈનો ખોરાકી, પોષાકી કે રહેણાંકનો કે અન્ય કોઈ જાતનો હકક નથી, કે ચાર્જ નથી તેમજ અમોએ કોઈને વેચાણ, ગીરો, બક્ષીસ આપેલ નથી તેમજ તેના ઉપર કોઈની ટાંચ કે જપ્તી અવ્વલ જપ્તી કે હુકમનામું નથી. તેમજ કોઈ ટ્રસ્ટ કરેલ નથી કે કોઈપણ જાતના લીગલ પ્રોસીડીગ્સ ચાલતા નથી કે લીટીગેશન ચાલતાં નથી. તેમજ તેના ઉપર કોઈ તારણ તગાવી લીધી નથી. તેમજ કોઈપણ જાતના એકવીઝીશન કે રેકવીઝશનમાં જમીન મુકવામાં આવેલ નથી કે નોટીસ નીકળી નથી કે બજી નથી, અને આ કુલ જમીનના ટાઈટલ તે રીતે ચોખ્ખા અને માર્કેટેબલ અને તદન બોજારહિતના છે તે બાબતની તમો વેચાણ લેનારને સંપૂર્ણ ખાત્રી કરી ચેક કરાવી અને સદરહુ મિલકત વેચાણ આપેલ છે.

(૧૬). મજકુર મિલકતની કિંમત હાલના બજારભાવ કરતાં ઓછી નથી અને તે બરોબર અને વ્યાજબી તેમજ સરકાર શ્રી.ની જંત્રી મુજબની છે અને વેચાણ દસ્તાવેજનો તમામ ખર્ચ જેવો કે વેચાણ દસ્તાવેજનો સ્ટેમ્પ, ટાઈપીગ, રજીસ્ટેશન ફી, લખામણી, વકીલ ફી વિગેરે એ તમામ ખર્ચ તમો લખાવી લેનારને એકલાના શીરે છે તેમ નકકી થયું છે.

(૧૭). આ વેચાણ દસ્તાવેજની કોઈપણ જોગવાઈ, ઉકત અધિનિયમ અથવા કે તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અને વિનિયમો હેઠળ અથવા લાગુ પડવા પાત્ર અન્ય કાયદાઓ હેઠળ રદ કરવા અથવા બિનઅમલપાત્ર બનાવાનું નકકી કરવામાં આવેતો આવી જોગવાઈઓ, તે આ કરારનાં હેતુસાથે અસંગત હોઈ એટલા પુરતી અને આ અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અથવા લાગુ પડતા કાયદાઓ સાથે કે અનુરૂપ હોવી જરૂરી હોઈ તેટલા પ્રમાણમાં તે સુધારેલા અથવા રદ થયેલી ગણાશે અને આ કરારની બાકીની જોગવાઈઓ, આ કરારનાં અમલ વકતે લાગુ પડતી હતી તે જ રીતે માન્ય અને અમલપાત્ર રહેશે.

(૧૮). સદરહુ વેચાણ દસ્તાવેજ અંગે પક્ષકારો વચ્ચે કોઈપણ વિવાદનું સુમેળથી/સમાધાનથી નિરાકરણ લાવવાનું રહેશે કોઈ વિવાદનું નિરાકરણ સુમેળ/સમાધાનથી ન લાવી શકાય તો ધી રીયલ એસ્ટેટ સંબંધી(નિયમન અને વિકાસ) અધિનિયમ–૨૦૧૬ અને તે હેઠળ ઘડવામાં આવેલા નિયમોની જોગવાઈઓ હેઠળ તેને ધી રીયલ એસ્ટેટ સંબંધી (નિયમન અને વિકાસ) (રેરા) સત્તા મંડળને મોકલવાની રહેશે.

(૧૯). સદરહુ કુલ **"શ્રી સુરજ રેસીડેન્સી"** નામે આવેલ યોજના/સ્કીમવાળી મિલકતનું પરીશિષ્ટ નીચે મુજબ છે.

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સબડીસ્ટ્રીકટ ગાંધીનગર, તાલુકે.ગાંધીનગરના મોજે.વાવોલની સીમમાં આવેલ રેવન્યુ સર્વે/બ્લોક નં.૨૧૪ ની જમીન કે જે ભરતમાં હે.આરે.ચો.મી. ૦–૨૨–૦૨ના માપથી આવેલી છે અને જેનો આકાર/વિશેષધારો રૂા.૧.૫૫ પૈસાથી આવેલો છે. તે જમીનનો ટાઉન પ્લાનીંગ સ્કીમ નં.૧૩(વાવોલ)માં સમાવેશ થતાં ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૧૪૭ મુજબની ૧૪૩૧ ચો.મી.ના માપથી આવેલ બિનખેતીની રહેણાંક હેતુસરની જમીન ઉપર આવેલ **" શ્રી સુરજ રેસીડેન્સી"** વાળી જમીન/મિલકતના ખુંટચારની વિગત :–

પૂર્વે :– ફાઈનલ પ્લોટ નં.૧૪૯

પશ્ચિમે :– ફાઈનલ પ્લોટ નં.૨૮૮

ઉત્તરે :– ફાઈનલ પ્લોટ નં.૧૫૦

દક્ષિણે :– ફાઈનલ પ્લોટ નં.૧૪૮

(૨૧). વેચાણ આપનારની સદરહુ **"શ્રી સુરજ રેસીડેન્સી"** એ નામે આવેલ યોજના/સ્કીમના પહેલા માળે આવેલ ફલેટ નં...... વાળી મિલકતનું પરિશિષ્ટ.

<u>—: વેચાણ આપેલ મિલકતનું પરિશિષ્ટ :—</u>

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સબડીસ્ટ્રીકટ ગાંધીનગર, તાલુકે.ગાંધીનગરના મોજે.વાવોલની સીમમાં આવેલ રેવન્યુ સર્વે/બ્લોક નં.૨૧૪ ની જમીન કે જે ભરતમાં હે.આરે.ચો.મી. ૦—૨૨—૦૨ના માપથી આવેલી છે અને જેનો આકાર/વિશેષધારો રૂા.૧.૫૫ પૈસાથી આવેલો છે. તે જમીનનો ટાઉન પ્લાનીંગ સ્કીમ નં.૧૩(વાવોલ)માં સમાવેશ થતાં ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૧૪૭ મુજબની ૧૪૩૧ ચો.મી.ના માપથી આવેલ બિનખેતીની રહેણાંક હેતુસરની જમીન ઉપર **"શ્રી સુરજ રેસીડેન્સી"** એ નામે આવેલ બાંધકામવાળી મિલકતના ...... માળે આવેલ ફલેટ/યુનિટ નં..........વાળી મિલકત કે જેનું વપરાશી ક્ષેત્રફળ એરીયા .... ચો.મી. યાને કે ....ચો.ફુટના બીલ્ટઅપ એરીયાના બાંધકામવાળી મિલકત આવેલ છે જેમાં કારપેટ એરીયા .... ચો.મી.(તથા .... ચો.મી. અનડીવાઈડેડ કોમન એરીયા— (બાલ્કની નં.૧ નું ક્ષેત્રફળ આશરે .... ચો.મી./ચો.ફુટના માપથી આવેલ છે અને વોશ એરીયા .... ચો.મી./ચો.ફુટના માપથી આવેલ છે)બાંધકામવાળી મીલકતમાં જવા આવવાના મુકવામાં આવેલ સીડી, પેસેજ, કોમન લીફટ તથા કોમન એમેનીટીઝ વાપરવાના હકો હીતોનો તથા પાર્કીંગના હકોનો સમાવેશ થયેલ છે) (કુલ.૧૪૩૧ ચો.મી. જમીનમાં ૧/૫૬ મા ભાગે આવતાં હકો તથા તે ઉપરની બાંધકામવાળી મિલકતમાં વરાડે પડતાં હકો તથા કોમન એમેનીટીઝ વાપરવાના હકો તથા બાંધકામવાળી મિલકતમાં જવા આવવાના મુકવામાં આવેલ સીડી, પેસેજ વાપરવાના હકો હીતોનો સમાવેશ થયેલ છે) તે ફલેટવાળી મિલકતના ખુંટચારની વિગત.

<u>વેચાણ આપેલ ફલેટ નં...... વાળી મિલકતના ખુંટચારની વિગત :—</u>

પૂર્વે :—

પશ્ચિમે :—

ઉત્તરે :—

દક્ષિણે :—

એ રીતેના નંબર, માપ તથા ખુંટચાર વચલી ફલેટવાળી મિલકત, ગ્રાઉન્ડ ફલોર પર આવેલ કોમન કાર પાર્કીંગના હકો હિતો સહિતની તથા

રસ્તાની જમીન તથા પેસેજ, સીડી, કોમન લીફ્ટ તથા અન્ય જે કાંઈ સભ્યો માટેની કોમન સુવિધાઓ તેમજ ગ્રાઉન્ડ ૫રની ખુલ્લી જમીનમાંના કોમન વ૫રાશી હકો, હીતો સહિત તથા બીજા જે જે હકક રાઈટસ સાથેની મીલકત.

એ રીતેનો વેચાણ દસ્તાવેજ અમો વેચાણ આપનારે અમારી રાજીખુશીથી, અકકલ હોંશીયારીથી તનમનની સંપૂર્ણ સાવધ સ્થિતિમાં કોઈના કોઈપણ જાતના દર દબાણ વગર કરેલ છે અને તેમાં વાંચી સમજી વિચારીને અમારી સહીઓ કરેલ છે જે અમો વેચાણ આપનાર તથા અમારા વંશ, વાલી, વારસો તથા તમો વેચાણ લેનાર તથા તમારા વંશ, વાલી, વારસો, કુલમુખત્યારો, એડમીનીસ્ટ્રેટરો, એસાઈનીઓ ઈત્યાદી તમામને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

આજ તા.........., માહે......,સને.૨૦૨૧ ના દીને શહેર ગાંધીનગર મધ્યે.

અત્રે.....................મતુ   અત્રે..................શાખ

....

વેચાણ આપનાર   **સાક્ષી નં.૧**

....

વેચાણ લેનાર   **સાક્ષી નં.૨**